આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર



Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૧૧ | ૩૦ જૂન ૨૦૧૨, શનિવાર, અષાઢ સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦


સુખ એટલે મિત્ર સાથે ગાળેલો સમય અને એવો સમય ફરીથી ગાળવા માટેની આતુરતા

- વિલ્કીન્સન

# ગુજરાતમાં કેશુભાઈના નેતૃત્વમાં ત્રીજો મોરચો

## જુલાઇના અંત સમયમાં પાર્ટી છોડી ઓગષ્ટના પ્રથમ સપ્તાહમાં નવી પાર્ટીની ઘોષણા કરાશે : કેશુભાઇ પટેલ હવે અમારા નેતા છે : ઝડફિયા



(વિશેષ પ્રતિનિધિ)

ગાંધીનગર, તા.૨૯

ગુજરાત વિધાનસભાની આગામી ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસ ઉપરાંત એક ત્રીજો મોરચો ખુલી રહ્યો છે જેનું નેતૃત્વ ભાજપના સિનિયર નેતા અને પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ લેવાના છે. તેઓ તેમના જન્મદિને ભાજપ છોડીને નવા મોરચાનું નેતૃત્વ સ્વિકારશે. ઓગષ્ટના પ્રથમ સપ્તાહ સુધીમાં આ મોરચો અસ્તિત્વમાં આવશે જેમાં ભાજપના અસંતુષ્ટ નેતાઓ અને મહા ગુજરાત જનતા પાર્ટીના નેતાઓ સામેલ થઈ જશે.

ગાંધીનગરમાં સેક્ટર-૧૯માં આવેલા કેશુભાઈના ક-૧૨ નંબરના બંગલામાં એક ડઝન કરતાં વધુ નેતાઓની મળેલી બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. મેરેથોન બેઠક પછી એમજેપીના પ્રમુખ ગોરધન ઝડફિયાએ મિડીયા સમક્ષ કહ્યું હતું કે ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ૧૮૨ બેઠકો ઉપરના ઉમેદવારો સાથેના નવા મોરચાનું નેતૃત્વ કેશુભાઈ પટેલ કરશે. તેમણે ભાજપનું સભ્યપદ રિન્યુ કરવાનો પ્રસ્તાવ પણ ફગાવી દીધો છે.

કેશુભાઈ જૂથના પ્રવક્તા પૂર્વ મુખ્યમંત્રી સુરેશ મહેતાએ કહ્યું હતું કે કેશુભાઈ પટેલ અને કાશીરામ રાણા હાલ ભાજપમાં છે પણ તેઓ તેમના સભ્યપદનું રિન્યુઅલ કરવાના નથી. તેમણે પાર્ટીનો પ્રસ્તાવ ઠુકરાવી દીધો છે. કેશુભાઈ હવે જુલાઈ મહિનામાં રાજ્યના મુખ્ય આઠ શહેરોમાં જિલ્લાકક્ષાના સંમેલનો કરીને મોદી સરકાર સામે મોરચો માંડશે. પ્રજાને જાગૃત કરશે.

એમજેપીના પ્રમુખ ગોરધન ઝડફિયાએ પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું હતું કે કેશુભાઈ પટેલ ભાજપના સભ્ય બનવાના નથી, તેઓ હવે અમારા નેતા છે. નવી પાર્ટીનું નેતૃત્વ કરશે. તો શું તેનો અર્થ એ થાય કે કેશુભાઈએ પાર્ટી છોડી દીધી છે તેવા એક પ્રશ્નના જવાબમાં ઝડફિયાએ કહ્યું કે અત્યારે તેમણે પાર્ટી છોડી નથી પણ જુલાઈના અંતમાં ભાજપમાંથી રાજીનામું આપીને નવી પાર્ટીનું નેતૃત્વ સંભાળશે.

### રાજ્યના આઠ મહાનગરોમાં જિલ્લાકક્ષાના સંમેલનો યોજાશે : કેશુભાઈની સાથે કાશીરામ પણ પાર્ટી છોડશે



અલબત્ત, ૨૪મી જુલાઈએ કેશુભાઈનો જન્મદિન છે ત્યારે તેઓ નવી પાર્ટીની જાહેરાત કરી શકે છે. આ સમય દરમ્યાન તેઓ ગુજરાત ભરમાં જાહેર સભાઓ કરીને લોકોને નવી પાર્ટી અને ભાજપ વચ્ચેની ભેદરેખા સમજાવશે. તેમના સંમેલનોની તારીખ નક્કી થઈ રહી છે. અમદાવાદમાં ૮મી જુલાઈએ ટાઉનહોલમાં કેશુભાઈ સંમેલન કરવાના છે, ત્યારબાદ રાજકોટ,

● અનુસંધાન પાન-૭ પર

## રાજ્યમાં ૧૫ વર્ષ પછી ત્રીજા પક્ષનો ઉદય

**(વિશેષ પ્રતિનિધિ)** ગાંધીનગર, તા.૨૯

ગુજરાતમાં ચીમનભાઈ પટેલના કીમલોપ અને શંકરસિંહ વાઘેલાના રાષ્ટ્રીય જનતા પાર્ટી પછી ત્રીજી શક્તિનો ઉદય થઈ રહ્યો છે જેનું નેતૃત્વ કેશુભાઈ પટેલ લઈ રહ્યાં છે.

અટલ બિહારી વાજપેયીની જેમ આખી જીંદગી જનસંઘ અને ભાજપમાં ઘસી નાંખ્યા પછી કેશુભાઈ વ્યથિત બનીને પાર્ટી છોડી રહ્યાં છે. તેમણે પાર્ટી છોડવાનો ઈશારો આપી દીધો છે.

કેશુભાઈની જેમ કાશીરામ રાણા પણ ભાજપ છોડી રહ્યાં છે. કેશુભાઈની નવી પાર્ટીમાં તેઓ દક્ષિણ ગુજરાતનું નેતૃત્વ કરશે, જ્યારે કચ્છનું નેતૃત્વ સુરેશ મહેતા કરશે. ભાજપમાં જે ધારાસભ્યોને ટીકીટ નહીં મળે તેને આ નવી પાર્ટી ટીકીટ આપશે.

બેઠકના અંતે કેશુભાઈએ આજે કહ્યું હતું કે મને હાઈકમાન્ડે અન્યાય કર્યો છે. મારી વાત સાંભળી નથી પછી આ પાર્ટીમાં રહેવાનો કોઈ અર્થ રહેતો નથી. અમારા જેવા સિનિયર લોકોને પાર્ટી છોડતાં દુખ થાય છે પરંતુ બીજો કોઈ વિકલ્પ નથી.

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગર તાલુકા પંચાયતનો વિક્રમ : એક સપ્તાહમાં બે બેઠકો

### આજે સામાન્ય સભા અને કારોબારીની રચના માટે ૪ જુલાઈના રોજ ખાસ સામાન્ય સભા મળશે

ગાંધીનગર, તા. ૨૯

એક જ સપ્તાહમાં એક સામાન્ય સભા અને એક ખાસ સામાન્ય સભા યોજી ગાંધીનગર તાલુકા પંચાયત એક નવો વિક્રમ પંચાયતી રાજમાં પોતાને નામે કરશે.

આજે ગાંધીનગર તાલુકા પંચાયતની સામાન્ય સભાની બેઠક મળશે જેમાં વિકાસના કામો સહિતની બાબતો પર ચર્ચા-વિચારણા કરવામાં આવશે. જ્યારે આ પછી ૪ થી જુલાઈના રોજ પુનઃ તાલુકા પંચાયતની ખાસ સામાન્ય સભા ૫ મીના રોજ પૂર્ણ થઈ રહેલ કારોબારી સમિતિની રચના માટે મળશે. આમ એક જ સપ્તાહમાં બે બે બેઠકો યોજવાનો વિક્રમ ગાંધીનગર તાલુકા પંચાયતના નામે થશે.

ગાંધીનગર તાલુકા પંચાયતની આ બે બેઠકોને ધ્યાને લઈ કોંગ્રેસ પક્ષે આજે તેના ચૂંટાયેલા સભ્યોની એક મહત્વની બેઠક જિલ્લા પંચાયત ખાતે ડૉ. સી. જે. ચાવડાની અધ્યક્ષતામાં મળી હતી. જેમાં તમામ સભ્યોને પક્ષ તરફથી મેન્ડેટ આપવામાં આવ્યો હતો. આ મેન્ડેટમાં આ બન્ને બેઠકોમાં પક્ષ દ્વારા રજુ થતી દરખાસ્તોને સમર્થન આપવા માટેનો આદેશ આપવામાં આવ્યો છે.

બંધ બારણે મળેલી આ બેઠકમાં સભ્યોએ ૧૩ માં નાણાં પંચના કામોના આયોજનને જે રીતે આખરી ઓપ અપાયો છે તે અંગે ભારે રોષ વ્યક્ત કરતાં જિલ્લા પ્રમુખ શ્રી ડૉ. સી.જે. ચાવડાએ નવી કારોબારી સમિતમાં તે અંગે પુનઃ વિચારણા કરવાની ખાત્રી આપી હોવાનું જાણવા મળેલ છે.

● અનુસંધાન પાન-૭ પર


